મોરી નજીક પત્ની અને પુત્ર સાથે બાઈક પર જઈ રહેલા યુવક પર ચપ્પુથી હુમલો

જુની અદાવત રાખી ચપ્પુથી હુમલો કરતા ઘવાયેલા યુવાનને બારડોલીની હોસ્પિટલમાં ખસેડાયો

બારડોલી : બારડોલી તાલુકાના મોરી ગામની સીમમાં મોટર સાઈકલ પર આવેલા બે શખ્સોએ પત્ની અને પુત્ર સાથે વાઘેચા મંદિરે દર્શન કરી ઘરે પરત ફરી રહેલા યુવક પર ચપ્પુ વડે હુમલો કરી ઈજા પહોંચાડતા યુવકને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

માંડવીના પૂના ગામે નિશાળ ફળિયામાં રહેતા અજય રાઠોડે આપેલી ફરિયાદ મુજબ તે મજૂરી કામ કરે છે અને તેના સાસરે પત્ની સંજના અને પુત્ર અયાંશ સાથે રહે છે. પુત્ર બીમાર હોય પત્ની સાથે પુત્રને લઈને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ગયો હતો. ત્યાંથી વાઘેચા મંદિરે દર્શન કરી પરત ઘરે ફરી રહી હતા ત્યારે મોરી ગામની સીમમાં ગોડસંબાનો રાકેશ રાઠોડ અજાણ્યા ઈસમ સાથે મોટર સાઈકલ પર આવી અજયની મોટર સાઈકલ ઊભી રખાવી જણાવ્યુ હતું કે તે રાજ (રાકેશ રાઠોડનો પુત્ર) સાથે બોલાચાલી કરી તેને માર માર્યો હતો. તે દિવસથી હું તને શોધતો હતો. એમ કહી બંને શખ્સો અજયને માર મારવા લાગ્યા હતા. રાકેશે ચપ્પુ કાઢી મારવા જતાં અજયને માથામાં ચપ્પુ વાગી જતા તે નીચે પડી ગયો હતો. અજયની પત્નીએ તેનાભાઈને ફોન કરતાં તે ત્યાં આવી પહોંચ્યો હતો અને અજયને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ લઈ ગયા હતા. ચાર દિવસ પહેલા અજયનો મિત્ર કાર્તિક તેની બહેન સાથે પુના-હરીપુરા રોડ પરથી મોટર સાઈકલ પર પસાર થતો હતો તે વખતે રાકેશ રાઠોડનો પુત્ર રાજ રાઠોડ મોટર સાઈકલ પર સ્ટંટ કરતો હોય કાર્તિક અને રાજ વચ્ચે બોલાચાલી થઈ હતી. કાર્તિકે આ વખતે અજયને બોલાવ્યો હતો. કાર્તિકે રાજને એક થપ્પડ મારી હતી. જ્યારે અજયે બંનેને ઝઘડો કરતાં અટકાવ્યા હતા. જે વાતની અદાવત રાખી રાજના પિતાએ અજય પર હુમલો કર્યો હતો.

હાઈવે ઓથોરિટીની પરવાનગી વિના ધમધમે છે આશીર્વાદ હોટલ

સોનગઢના નવા ચેક પોસ્ટ પાસે આવેલી આ હોટલ તાજેતરમાં કૂડના ભેળસેળમાં પકડાઈ હતી

વ્યારા : સોનગઢ નવા આરટીઓ ચેકપોસ્ટ પરની આલીશાન આશિર્વાદ હોટલમાં ભેળસેળનો મામલો બહાર આવ્યા બાદ ફુડ વિભાગે જન આરોગ્ય સાથે ખીલવાડ કરવાનો પરવાનો આપ્યો હોય તેમ દંડ ફટકારવા સિવાયની કોઈ નક્કર કાર્યવાહી દેખાઈ નથી. જેનાં કારણે આ હોટલ પર ગુણવત્તાયુક્ત ખોરાક પીરસવાનો સમગ્ર મામલો શંકાનાં દાયરામાં જ રહ્યો છે. હોટલ માલિક સરકારી અધિકારીઓને ખિસ્સામાં લઈ ફરતો હોય તેમ વાહનોની અવર જવર માટે હાઈવે ઓથોરીટી પાસે ઈન-આઉટ માર્ગની પરવાનગી લીધી નથી.

હોટલનું આવી સુવિધા વિનાનું બાંધકામ ધોરીમાર્ગ પર દોડતા વાહનો માટે અત્યંત જોખમી હોય છે. આવું જાણવા છતાં

નવીન કાયદા પ્રમાણે જમીન પચાવનારાઓ સામે દાખલારૂપ કાર્યવાહી થવી જરૂરી

વ્યારા: સરકારી જમીન પચાવનારાઓ ભુમાફિયા સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ જેવી કાર્યવાહીની જોગવાઇ છતાં આવા કોઇ પગલાં અહીં ભરાયા નથી. સામાન્ય રીતે સરકારી જમીન ઉપર દબાણ હોય તો જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૧ હેઠળ નોટીસ આપવાની જોગવાઇ છે અને કલમ-૨૦૨માં દબાણકર્તાને દૂર કરવાની જોગવાઇ છે. પરંતુ આવી કોઇ નોટિસ સુધ્ધા એ હોટલ માલિકને ફટકારવામાં આવી નથી. અસામાજીક પ્રવૃત્તિ અટકાવવાના અધિનિયમ-૧૯૮૫ હેઠળ જમીન પચાવી પાડનાર સામે લેન્ડ ગ્રેબિંગની સરકારે જોગવાઇ કરી છે.

હોટલ આશીર્વાદને અમે કોઇ પરમિશન આપી નથી

“ સોનગઢ નવા ચેકપોસ્ટ પર આવેલી હોટલ આશીર્વાદને અમે કોઇ પરમિશન આપી નથી.

-**હાઇવે ઓથોરિટી,** સુરત

હાઈવે ઓથોરીટીની ચુપકિદી શંકાનાં દાયરામાં રહી છે. પ્રતિમા કોમ્પલેક્સમાં હોટલ આશીર્વાદ ઉભી કરાઇ છે તેની કોઇ પરવાનગી બાંધકામ વિભાગ, હાઇવે ઓથોરીટી કે પાલિકાનાં વહિવટીતંત્ર દ્વારા લેવામાં આવી નથી.

સામાન્ય રીતે કોઇ પણ રાષ્ટ્રીય ધોરીમાર્ગથી રેસિડેન્સિયલ ૪૦ મીટર અને કોમર્શિયલ ૭૫ મીટર જેટલું અંતર છોડી બાંધકામ કરવાનું હોય છે પરંતુ હોટલ આશીર્વાદનાં માલિકે હાઇવેની જગ્યા પર કબ્જો જમાવી વાહન પાર્કિંગનો શેડ છેક હાઇવેને અડીને બનાવી સરકારી જગ્યા માલિકીની હોય તેમ સીધો કબ્જો જમાવી દીધો છે.

બૌધાન અને ટીંબાને જોડતા તાપી ઓવર બ્રિજ પર માઈક્રો કોંક્રિટથી ખાડા પૂરવામાં આવ્યા

હિતેશ પટેલ

માંડવી : મુખ્યમંત્રીના સીધા દિશા નિર્દેશ અનુસાર સમગ્ર જિલ્લામાં રોડ રસ્તાઓના મરામત તથા બ્રિજોના સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે માર્ગ અને મકાન વિભાગ-૨ હસ્તકના માંડવીના બૌધાન અને કામરેજના ટીંબાને જોડતા મહત્વના તાપી ઓવરબ્રિજ પર પડેલા ખાડાઓને ઝડપભેર પૂરવા પેચવર્ક માટે માઈક્રો કોંક્રીટથી પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી છે. વિગતો આપતા માર્ગ અને મકાન વિભાગના ડિવિજન-૧ના કાર્યપાલક ઈજનેર એન.એન.પટેલે જણાવ્યું હતું કે, બ્રિજના તજજ્ઞો દ્વારા જિલ્લામાં બ્રિજોની પુનઃચકાસણી સાથે સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે અરેઠથી બૌધાનથી ઘલા પરનો બ્રિજ, ગલતેશ્વરથી ટીંબા રોડ પરનો બ્રિજ, મહુવાથી અનાવલ રસ્તા પર ભારે વાહનો માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ચોમાસાની ઋતુ દરમિયાન ડામર, કોંક્રીટની મદદથી સઘન કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાની વિગતો આપી હતી.

અંકલેશ્વરમાં કૂતરાઓનો આતંક, ગર્ભવતી મહિલા, બાળકો સહિત સાતને બચકાં ભર્યા

પાલિકા તાત્કાલિક ધોરણે કૂતરાઓને પકડી જંગલ વિસ્તારમાં છોડી દે તેવી સ્થાનિકોની માગ

અંકલેશ્વર : અંકલેશ્વરની કેશવપાર્ક સોસાયટી વિસ્તારમાં શેરી કૂતરાઓના ત્રાસથી સ્થાનિક રહીશોમાં ભય અને આંતકનો માહોલ સર્જાયો છે. સપ્તાહ દરમ્યાન એક ગર્ભવતી મહિલા, બાળકો સહિત છ થી સાત લોકોને કૂતરાઓએ બચકા ભર્યા હતા.

અંકલેશ્વર નગરપાલિકા વિસ્તારમાં શેરી કૂતરાઓનો ત્રાસ વ્યાપક બન્યો છે. ખાસ કરીને પીરામણ રોડ સ્થિત કેશવપાર્ક સોસાયટી વિસ્તારમાં ગર્ભવતી મહિલા સહિત અન્ય લોકોને કૂતરાઓ કરડવાના ઘટનાક્રમ બાદ સ્થાનિક રહીશોમાં ભય વ્યાપી જવા પામ્યો છે. આ અંગે જાગૃત લોકોએ પાલિકાના સેનિટેશન વિભાગમાં લેખિત રજુઆત કરી શેરી કૂતરાઓના ત્રાસથી મુક્ત કરાવવા આજીજી કરી છે.

મળતી આધારભૂત માહિતી પ્રમાણે આ સોસાયટી વિસ્તારમાં અંદાજે 20 થી 25 જેટલા શેરી કૂતરાઓ ફર્યા કરે છે. સોસાયટીના જ એક વ્યક્તિ દ્વારા રખડતા કૂતરાઓને આશ્રય આપવામાં આવી રહ્યો છે પરંતુ હવે આજ કૂતરાઓ સોસાયટીના રહીશો માટે જોખમી પુરવાર થઇ રહ્યા છે. અઠવાડિયા પહેલા એક મહિલા તેની બે નાની બાળાઓને ચાર કૂતરાએ ઘેરી લઇ કરડી લીધા હતા. તો આજ સોસાયટીની એક ગર્ભવતી મહિલાને કૂતરુ કરડતા તેણી માટે વિકટ સમસ્યા ઉભી થઇ છે. તેણી ગર્ભવતી હોય હડકવાનું ઈન્જેક્શન પણ લઇ શકતી નથી. આ ઉપરાંત આ જ વિસ્તારમાં અન્ય ઇસમોને પણ કૂતરા કરડ્યા હોવાનું બહાર આવ્યું છે.

પાલિકા દ્વારા તાજેતરમાં ૨૪૧ કૂતરાનું ખસીકરણ કરવામાં આવ્યુ છે. વેટરનિટી તબીબી ટીમને પ્રતિ શ્વાન દીઠ રૂપિયા 2100 ચૂકવવામાં આવ્યા છે. જોકે ખસીકરણ કરાયા બાદ જે તે કૂતરાને જ્યાંથી પકડ્યો હોય ત્યાં જ પરત છોડી દેવાય છે. સ્થાનિકોએ પાલિકા સતાધીશોને તાત્કાલિક ધોરણે કૂતરાઓને પકડી જંગલ વિસ્તારમાં છોડી દેવા લેખિતમાં અરજી કરી છે.

નેત્રંગ તાલુકામાં પુરતા પ્રમાણમાં ખાતર ન મળતાં ખેડૂતો મુશ્કેલીમાં

ખાતર નહીં મળતા ખેડૂતો અને સંસ્થાઓના કર્મચારી સાથે થતું ઘર્ષણ

નેત્રંગ: નેત્રંગ તાલુકામાં જરૂરિયાતના સમયે જ ખાતર ન મળતા ખેડૂતોને હાલાકી પડી રહી છે. ખેતી કામના સમયે જ ખાતર લેવા માટે સહકારી સંસ્થાઓના ગોડાઉન પર તેમજ ખાનગી વિતરકોની દુકાનો પર વહેલી સવારથી લાઈનમાં ઉભા રહ્યા બાદ પણ માંડ એકાદ બેગ હાથમાં આવે છે. બીજી તરફ યુરીયા ખાતરનો સહકારી સંસ્થાઓમા એક બેગનો ભાવ રૂ.૨૬૬.૫૦ ત્યારે બજારમાં ખાનગી વિતરકોને ત્યાં યુરીયા ખાતર એક બેગનો ભાવ રૂ.૨૮૦ જાણવા મળી રહ્યો છે.

બીજી તરફ સહકારી સંસ્થાઓના સચાલકોના જણાવ્યા મુજબ અગાઉથી ખાતરનો જે તે કંપનીઓને ઓર્ડર આપવા છતાં પણ સમયસર ખાતરનો જથ્થો મળતો નથી, જેના કારણે ખેડૂતો અને સંસ્થાઓના કર્મચારી સાથે ઘર્ષણ થતું રહે છે. કેટલીક કંપનીઓ નેનો ખાતર લે તો જ અન્ય ખાતર મળશે, તેવું દબાણ કરતાં ખાતર લેવા માટે પણ સંસ્થાઓ તૈયાર હોવા છતાં પણ સમયસર ખાતર કંપનીઓ આપતી નથી. જેના કારણે ગરીબ આદિવાસી ખેડૂતો સમયસર ખાતરનો છંટકાવ કરી નહીં શકતા ખેતરમાં રોપણી કરેલા પાકને નુકસાન થઈ રહ્યું છે.

ખેતીવાડી વિભાગ, સાંસદ અને જિલ્લા કલેક્ટર ગરીબ આદિવાસી ખેડૂતોને સમયસર ખાતર મળી રહે તે બાબતે ધ્યાન આપવા ખેડૂતો માંગ કરી રહ્યા છે.

કોઠવામાં ખેતરમાં જબરજસ્તી ઢોરો ઘૂસાડી ભેલાણ કરી ખેડૂતને પતાવી દેવાની ભરવાડોની ધમકી

વારંવારની ભરવાડોની દાદાગીરી સામે ખેડૂતો લાચાર

‘આ ખેતર તારા બાપનું છે ? ઢોર ખેતરમાંથી નહીં કાઢીએ’ કહી દાદાગીરી કરી

ઈબ્રાહીમ કાનુ

હથોડા : કોઠવાની સીમમાં ખેડૂતના ખેતરમાં ભરવાડે જબરદસ્તીથી ઢોરો ઘુસાડી દઈ ઉભા પાકને નુકસાન કરતા ખેડૂતે ભરવાડને કહેવા જતા માથાભારે ભરવાડે ઢોરો ખેતરમાંથી કાઢવાને બદલે ખેડૂતને પતાવી દેવાની ધમકી આપતા વિસ્તારના ખેડૂતોમાં આક્રોશ જોવા મળ્યો હતો. આ બાબતે ખેડૂતે પાલોદ પોલીસમાં ત્રણ ભરવાડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પીપોદરા રહેતા ઈમરાન યુસુફ પઠાણનું કોઠવાની સીમમાં ખેતર આવેલું છે. જે ખેતરમાં સોયાબીનનો પાક બનાવેલો છે. અને બાજુના ખેતરમાં રમત ગમતનું મેદાન બનાવેલું છે. સોયાબીનના પાકમાં નજીકમાં વાલેસા ગામે રહેતા ત્રણ ભરવાડોએ પોતાના ઢોર છોડી મુક્યા હતા. એ જ સમયે ખેડૂત ઈમરાન પઠાણ ખેતરે જઈ ચડતા ખેતરમાં ઉભા રહીને ઢોર છોડી દેનાર જગુભાઈ રામભાઈ ભરવાડ, વિપુલભાઈ જગુભાઈ ભરવાડ અને લખમણ દેવાભાઈ રબારીને ખેતરમાંથી ઢોર કાઢી લેવા કહેતા ભરવાડોએ ઢોર કાઢવાને બદલે ઉશ્કેરાઈ જઈ આ ખેતર તારા બાપનું છે ? અને ઢોર ખેતરમાંથી નહીં કાઢીએ તેવું જણાવી દાદાગીરી કરી ભરવાડોએ અન્ય ભરવાડોને ફોન કરતા જગુ ભરવાડ ખેતરમાં આવી ગયા હતા. આ બાબતે ખેડૂતે જગુભાઈ તમે તમારા છોકરાને સમજાવો મારા ખેતરમાં ઢોર છોડી ઉભા પાકને નુકસાન કરાવે છે. ખેતરમાંથી ઢોર કાઢી લો કહેતા ભરવાડોએ વધુ ઉશ્કેરાઈ જઈને અપ શબ્દો બોલી તારે જ્યાં જવું હોય ત્યાં જા ઢોર તો ખેતરમાંથી બહાર નહીં જ કાઢીએ, તું ખેતરમાંથી ઢોર કાઢશે તો તને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી.

ખેડૂતના જણાવ્યા મુજબ ખેતરમાં ભરવાડોએ ઢોર થકી ભેલાણ કરાવી સોયાબીનના ઉભા પાકને 70 હજાર જેટલું નુકસાન કર્યું હતું. અને બાજુના રમત ગમતના મેદાનમાં પણ ઢોર છોડી દઈને નુકસાન કર્યું હતું. બનાવ અંગે ખેડૂતે પાલોદ પોલીસમાં ત્રણ ભરવાડ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ કરી છે.

પાલોદ પોલીસ સજાગ નહીં રહે તો ઘર્ષણ થવાની દહેશત

હથોડા : કોઠવા, પીપોદરા, બંભોરા અને શિયાલજ પાલોદ પોલીસ ચોકી હદ વિસ્તારમાં પડાવ નાખીને રહેતા ભરવાડો પૈકી કેટલાક માથાભારે ભરવાડો ખેડૂતોના ખેતરોમાં ઢોર દાદાગીરી પૂર્વક છોડી દઈ ખેડૂતોને નુકસાન કરે છે. જે બાબતે ખેડૂતોએ અગાઉ પાલોદ પોલીસમાં લેખિત અને મૌખિક ફરિયાદ કરેલી છે. પરંતુ પોલીસે મૌન ધારણ કરતા અને ખેડૂતો ફરિયાદ કરે તો ખુદ પોલીસ તંત્ર સમાધાન કરાવતા ભરવાડોને પ્રોત્સાહન મળી રહ્યું છે. હવે આ વિસ્તારમાં જંગલરાજ ચાલતું હોય તેમ ભરવાડો કાયદો હાથમાં લઈને ખેડૂતોને નિશાન બનાવી રહ્યા છે. જેથી પોલીસ તંત્ર સજાગતા નહીં દાખવશે તો ઘર્ષણ થવાની દહેશત સેવાઇ રહી છે.

બિસ્માર રસ્તા મુદ્દે કોંગ્રેસનો માર્ગ મકાન વિભાગની કચેરી ખાતે મોરચો

ભરૂચ કોંગ્રેસે મોરચો માંડતા કાર્યકરોએ કચેરીને તાળાબંધી કરવાનો પ્રયાસ આદર્યો

ભરૂચ : ભરૂચ જિલ્લામાં રસ્તાઓની બિસ્માર હાલત અને તૂટી ગયેલા માર્ગોના મુદ્દે સોમવારે યુવા કોંગ્રેસે માર્ગ મકાન વિભાગની કચેરી ખાતે મોરચો માંડ્યો છે. ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી સંદીપ માંગરોલા અને પૂર્વ યુવા કોંગ્રેસ પ્રમુખ શેરખાન પઠાણના નેતૃત્વમાં કાર્યકરોએ કચેરીને તાળાબંધી કરવાનો પ્રયાસ આદર્યો હતો.

ભરૂચ જિલ્લાના મોટાભાગના માર્ગો ખાડાઓથી ખરબચડા બની ગયા છે. નવા બનેલા રસ્તાઓ પણ ટૂંક સમયમાં તૂટી જાય છે. આ કારણે વાહન ચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. યુવા કોંગ્રેસના આરોપ મુજબ સરકારી તંત્ર અને કોન્ટ્રાક્ટરો વચ્ચેની ભાગબટાઈને કારણે રસ્તાઓની ગુણવત્તા નબળી બની જાય છે.

આંદોલનને પગલ મકાન વિભાગના ઇન્ચાર્જ કાર્યપાલક ઇજનેર રોનક શાહે યુવા કોંગ્રેસના પ્રતિનિધિઓ સાથે બેઠક થઇ હતી. તેમને 7 દિવસમાં તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવાની જવાબદારી લીધી છે. તમામ કામો ટેન્ડર પ્રક્રિયા અનુસાર થાય છે અને વિભાગ નિયમિત નિરીક્ષણ પણ કરે છે. કચેરી બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયો હતો.

પલસાણામાં જુગાર રમતા એક ઝડપાયો

પલસાણા: પલસાણા પોલીસે તુંડી ગામની નવી સોસાયટી ફળિયામાં જાહેરમાં જુગાર રમતા એક ઈસમને ઝડપી પાડ્યો છે. આરોપી જયેશ રાઠોડ મજૂરીકામ કરે છે અને તુંડી ગામનો રહેવાસી છે. જયેશભાઈ મુંબઈથી નીકળતા આંકડાઓ પર પૈસા લગાડીને જુગાર રમાડી રહ્યા હતા. પોલીસે જુગારના સાધનો સહિત કુલ રૂપિયા 2,770નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અંકલેશ્વર હાઈવે ક્રોસ કરતા રાહદારીનું વાહનની ટક્કરે મોત

અંકલેશ્વર : અંકલેશ્વરથી ભરૂચ જતા ને.હા.-48 ઉપર રાજપીપળા ચોકડીથી ભરૂચ જતા હાઇવે રોડના પહેલા ટ્રેક ઉપર અજાણ્યા વાહનની ટક્કરે રાહદારી શ્રમજીવીનું ગંભીર ઈજાઓને કારણે મોત નિપજ્યું હતું.

અંકલેશ્વરથી ભરૂચ જતા ને.હા. નં-48 ઉપર રાજપીપળા ચોકડીથી ભરૂચ જતા હાઇવે પર ચાલતા રોડ ક્રોસ કરવા જતા કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન પુર-ઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી રાહદારી શ્રમજીવીને ટક્કર મારતા તેને કપાળના ભાગે તથા જમણા પગના ઘુંટણના ગંભીર ઈજા પહોંચાડી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત ભરત જગદીશ શોભારામને 108 એમ્બ્યુલન્સ મારફતે ગડખોલ હેલ્થ સેન્ટર ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો. જોકે સારવાર દરમ્યાન તેનુ મોત થયુ હતુ.

સંક્ષિપ્ત સમાચાર

ચાચેવલનાં 35થી 40 વિદ્યાર્થીની STના અભાવે ડેપો મેનેજરને રજૂઆત

ભરૂચ : ભરૂચ જિલ્લાના ચાચેવલ ગામના વિદ્યાર્થીઓને રોજબરોજ ST બસ સમસ્યા માથારૂપ બનતા ભરૂચ ડેપો મેનેજરને લેખિત રજૂઆત કરી છે. અપડાઉનનો પ્રશ્નને લઈને મુશ્કેલીમાં આવેલા ચાચેવલ ગામના 35થી 40 વિદ્યાર્થીઓએ રજૂઆત કરીને નિરાકરણની માંગ કરી છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે તેઓ રોજ અભ્યાસ માટે ગામની બહાર જાય છે. પરંતુ નિયમિત અને યોગ્ય વાહન વ્યવસ્થાના અભાવે તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ સમસ્યાની સીધી અસર તેમના શિક્ષણ પર પડી રહી છે. વિદ્યાર્થીઓએ તાત્કાલિક યોગ્ય વાહન વ્યવસ્થા પૂરી પાડવાની માંગણી કરી છે. તેમણે ચેતવણી આપી છે કે જો આગામી 7 દિવસમાં તેમની સમસ્યાનું નિરાકરણ નહીં આવે, તો તેઓ ભૂખ હડતાળ સાથે ઉગ્ર આંદોલન કરવા માટે મજબુર બનવું પડશે.

કામરેજની રામકબીર શાળાના વિદ્યાર્થીનો પૂરક પરીક્ષામાં A1 ગ્રેડ

કામરેજ : ભારતીય વિદ્યામંડળ સંચાલિત ભક્ત ઉ. મા. શાળા (રામકબીર હાઇસ્કૂલ)ના ધોરણ - 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી કડછી હેત મનિષભાઇએ સરકારના હકારાત્મક અભિગમ BEST OF TWO EXAM ના ભાગરૂપે ફેબ્રુઆરી -માર્ચ-૨૦૨૫ માં ધોરણ -12 વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં 650 માથી 564 ગુણ મેળવ્યા હતા. જ્યારે વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા જૂન-2025 માં 650 માથી 596 ગુણ મેળવી 91.69 ટકા સાથે A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. સરકારના આ પરિણામ સુધારણા માટેના અભિગમને કારણે ગુજરાતના ઘણા વિદ્યાર્થીઓનું ભાવિ ખૂબ જ ઉજ્જવળ બન્યું છે. ખૂબ જ ઉચ્ચ પરિણામ મેળવવા બદલ સંસ્થાના પ્રમુખ અરવિંદભાઇ ભક્ત, માનદમંત્રી પરેશ ભક્ત, ખજાનચી જીજ્ઞેશ ભક્ત, શાળાના આચાર્ય શૈલેષ દેસાઈ, નિરીક્ષક જયંતિ પટેલ, નિરીક્ષક કેતન દેસાઈ, શિક્ષકમિત્રોએ સફળતા મેળવનાર વિદ્યાર્થીના કુટુંબના તમામ સભ્યોને પણ અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામના પાઠવી હતી.

ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં હોદ્દેદારો બિનહરીફ વરાયા

સાયણ: ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ત્રિવાર્ષિક અવધિ પૂર્ણ થતાં તેની નવી ટર્મ માટે હોદ્દેદારોની ચૂંટણી સંદર્ભે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ઉમેદવારોએ વર્તમાન પ્રમુખ બળદેવભાઈ પટેલની આગેવાની હેઠળ ઉમેદવારી નોંધાવી હતી. જેની સામે કોઈપણ ઉમેદવારી ફોર્મ ન ભરાતાં આજરોજ મુખ્ય ચૂંટણી અધિકારી રાકેશ મહેતા દ્વારા તમામ ઉમેદવારોને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. જે મુજબ 1. પ્રમુખ: બળદેવ પટેલ (કુંદિયાણા પ્રા. શાળા) 2. સિનિયર કાર્યવાહક પ્રમુખ: બ્રિજેશ પટેલ (બી.આર.સી. કો-ઓર્ડિનેટર, ઓલપાડ) 3. કાર્યવાહક પ્રમુખ: ચિરાગ પટેલ (જીણોદ પ્રા.શાળા) 4. મહામંત્રી: મહેન્દ્રસિંહ ઠાકોર (બલકસ પ્રા.શાળા) 5. ઉપપ્રમુખ: પરેશ પટેલ (સી.આર.સી. કો-ઓર્ડિનેટર, પિંજરત) 6. ઉપપ્રમુખ: સતિષ પરમાર (શિવાજીનગર પ્રા.શાળા) 7. ઉપપ્રમુખ: રવિન્દ્ર પટેલ (ટકારમા પ્રા.શાળા) 8.ઉપપ્રમુખ: પરેશ પટેલ (વડોલી પ્રા.શાળા) 9. મહિલા ઉપપ્રમુખ: જાગૃતિ પટેલ (કરંજ પ્રા.શાળા) 10. મહિલા ઉપપ્રમુખ: કૈલાશ વરાછીયા (ઓલપાડ મુખ્ય પ્રા.શાળા) 11. નાણાંમંત્રી: મહેન્દ્રસિંહ ગોહિલ (સાયણ પ્રા. શાળા) બિનહરીફ વિજેતા જાહેર કરાયા હતાં. ચૂંટણી કાર્યાલય ઓલપાડ ખાતે શિક્ષક ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહીને સતત છઠ્ઠી ટર્મ માટે પ્રમુખ તરીકે બિનહરીફ વરાયેલા બળદેવ પટેલ તથા ટીમને ફૂલહારથી વધાવી સંગઠનની એકતાનાં દર્શન કરાવ્યા હતાં.

ધી પાટીદાર જીન સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ

બારડોલી : બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, સંચાલિત ધી પાટીદાર જીન સાયન્સ કોલેજમાં એ ફ . વ ા ય . બી .એસ સી .ન ા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ અને સ્વાગતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. ત્યારબાદ કોલેજના આચાર્ય ડો. ભાવિન નાયકે વિદ્યાર્થીઓને કોલેજ વિશેની માહિતી આપી ન્યુ એજ્યુકેશન પોલીસીથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. વિવિધ વિભાગીય વડાઓએ કોલેજમાં ચાલતા મેજર અને માઈનર કોર્સથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવ્યા હતા. આ સાથે જ એન.એસ.એસ., એન.સી.સી., સ્પોર્ટ્સ, સમઘારા, એસ.એસ.આઈ.પી., ઇનોવેશન ક્લબ ઇકો ક્લબ, વુમન સેલ, વગેરેની માહિતી પ્રોગ્રામ કોઓર્ડીનેટર દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. રાષ્ટ્રગીતના સમૂહ ગાન દ્વારા કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

સેવણીમાં નશો કરીને માથાકુટ કરનાર કાર ચાલકની પોલીસે હવા કાઢી

કામરેજ : સેવણી ચાર રસ્તા પર એક ફોર વ્હીલ કાર ચાલકે નશો કરીને માથાકુટ કરતાં પોલીસે પકડી જેલ હવાલે કર્યો હતો. કામરેજ તાલુકાના સેવણી ચાર રસ્તા પર રવિવારના રાત્રિના આશરે 9.00 કલાકે ટોયેટા ફોરચ્યુનર કાર નંબર જીજે 05 આરટી 7201 ના ચાલક પાર્થ કાંતિ દોમડીયા (ઉ.વ.28, હાલ રહે. એ-2-8 પાર્થ બંગલોઝ, અરિહંત પાર્કની બાજુમાં પાર્લે પોઇન્ટ, મુળ રહે.વિભાપર,જિ.જામનગર) નશો કરીને લથડીયા ખાઈને માથાકુટ કરતો હોવાથી કામરેજ પોલીસને કરતાં પોલીસ સેવણી ખાતે દોડી જઈ નશો કરેલા યુવાન પાર્થને પકડી કારમાં તપાસ કરતાં બીયરનુ ટીન મળી આવ્યુ હતુ. જેને પોલીસ મથકે લાવીને કામરેજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી પરિક્ષણ કરાવીને પ્રોહીબીશન એકટનો ગુનો નોંધ્યો હતો.

કડોદરામાં જાહેરમાં છરી સાથે ફરતો યુવક ઝડપાયો

પલસાણા: કડોદરા GIDC પોલીસે હનુમાન મંદિરની બાજુમાં આવેલ મેદાનમાં જાહેરમાં છરી સાથે ફરી રહેલા એક યુવકને ઝડપી પાડ્યો છે. આરોપીનું નામ દીપક હરી લોંડે (ઉ.વ. 26) છે, જે મજૂરીકામ કરે છે અને હાલ કડોદરા હનુમાન મંદિરની બાજુમાં આવેલા આશાબેનના ઘરે ભાડેથી રહે છે. પોલીસને શંકા છે કે દીપક કોઈ શારીરિક ગુનો કરવાના ઈરાદે લાકડાના હાથાવાળી છરી સાથે જાહેરમાં ફરી રહ્યો હતો.

ભરૂચ ખાણ ખનીજે અઠવાડિયામાં 6 ટ્રક સાથે 1.80 કરોડનો મુદ્દામાલ કબજે કર્યો

ભરૂચ : ભરૂચ જિલ્લામાં ગેરકાયદે ખનન અને ખનીજ વહન અટકાવવા ભૂસ્તર વિભાગે મોટી કાર્યવાહી કરી છે. વિભાગે છેલ્લા એક અઠવાડિયામાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. ભૂસ્તર વિભાગની ટીમે ભરૂચ-દહેજ રોડ, આમોદ, મૂલદ રોડ, ઝગડિયા અને રાજપારડી વિસ્તારમાં તપાસ કરી હતી. આ દરમિયાન બ્લેક ટ્રેપ અને સાદી રેતીનું બિનઅધિકૃત વહન કરતા 6 ટ્રક પકડ્યા હતા. વિભાગે આ ડમ્પર્સને સીઝ કરી કુલ 1.80 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

Milano MULTIPLEX

બારડોલી

Maalik
12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm

Superman - Hindi
10:00am, 04:00pm, 10:00pm

Jurassic world
01:00pm, 07:00pm

Metro In Dino : 09:30pm

Sitaare Zameen Par : 11:00am

Jalebi Rocks - Gujarati : 02:00pm

Vahali - Gujarati : 05:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333